# અરવલ્લી જિલ્લો સ્વાઈન ફલુના ભરડામાં

## અરવલ્લી જીલ્લામાં વધુ સાત કેસ નોંધાયા : મૃત્યુ આંક ત્રણ પર પહોચ્યો

(જીતેન્દ્ર પટેલ ધ્વારા)

મોડાસા, તા.૧૩

સમગ્ર ગુજરાત રાજયમાં છેલ્લા કેટલાય દિવસથી સ્વાઈન ફલુ નામના ભયાનક રોગે માથુ ઉચકયુ છે અને સમગ્ર ગુજરાત રાજયને પોતાના અજગરી ભરડામાં લીધો છે ત્યારે આ રોગને લઈને સમગ્ર ગુજરાત રાજયમાં લોકોમાં ફફળાટ વ્યાપી ગયો છે ત્યારે અરવલ્લી જિલ્લામાં પણ આ રોગ દિવસે ને દિવસે વકરી રહયો છે અત્યાર સુધી સ્વાઈન ફલુના કુલ ૭ જેટલા પોઝેટીવ કેસો નોધાતા આરોગ્ય વિભાગ ઉધા માથે પટકાયુ છે.




જેમાં ગઈકાલે અરવલ્લી જીલ્લાના માલપુર તાલુકાના મોરડુંગરી ગામે સાત વર્ષીય બાળકીને સ્વાઈન ફલુ પોઝેટીવ આવતા તેને સારવાર અર્થે અમદાવાદ ખસેડાઈ હતી. ત્યારે માલપુર તાલુકામાં ચાલુ સીઝનમાં સ્વાઈન ફલુનો આ બીજો કેસ નોધાતા લોકોમાં ભારે ફફળાટ વ્યાપી ગયો છે. જયારે મોરડુંગરીમાં સાત વર્ષીય બાળકીને સ્વાઈન ફલુ પોઝેટીવ આવવાના સમાચાર આરોગ્ય વિભાગને મળતા આરોગ્ય વિભાગ તાત્કાલીક હરકતમાં આવી ગયુ હતુ અને તાબડતોબ સર્વેની કામગરી હાથ ધરી દીધી હતી. સ્વાઈન ફલુએ સમગ્ર રાજયને બાનમાં લીધુ હોય તેમ દિવસે ને દિવસે સ્વાઈન ફલુના કેસોમાં વધારો થતો જાય છે.


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

જયારે આ ભયાનક રોગને લીધે ટપોટપ મોત થતાં પ્રજા ભયના ઓથાર હેઠળ જીવી રહી છે અત્યાર સુધીમાં એક એક કરતાં જિલ્લામાં સ્વાઈન ફલુના ગઈકાલ સુધી ૯ જેટલા કેસો પોઝેટીવ મળતા અરવલ્લી જિલ્લો પણ આ સ્વાઈન ફલુના અજગરી ભરડામાં આવી ગયો છે.

ત્યારે આજે અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના કોકાપુર ગામના ૫૫ વર્ષીય ગ્રામ સેવક અમૃતભાઈ પટેલ અને મેઘરજ તાલુકાના માંડલી ગામના રમેશભાઈ પટેલનુ અમદાવાદ ખાતે સારવાર દરમિયાન મોત નીપજતા અરવલ્લી જીલ્લામાં અત્યાર સુધી સ્વાઈન ફલુના આ ભયાનક રોગના કેસોની સંખ્યા વધીને નવ ઉપર પહોચી છે અને જેમાં મૃત્યુ આંક કુલ ૩ ઉપર પહોચ્યો છે ત્યારે આ ભયાનક રોગના લીધે ટપોટપ લોકોના મૃત્યુ પામવાથી અરવલ્લી જીલ્લામાં લોકોમાં ફફળાટ વ્યાપી ગયો છે ત્યારે આ અંગે આરોગ્ય વિભાગે લોકોમાં આ રોગથી જાગૃતી લાવવા માટે ગામે ગામ જઈ લોકોને આ રોગથી કઈ રીતે બચી શકાય તે માટેના પેમ્પલેટનુ વિતરણ કરવામાં આવશે તેમજ આ રોગ વિશે લોકોને માહિતગાર કરવામાં આવશે.




### જિલ્લાવાસીઓએ હાલ કરછનો પ્રવાસ ટાળવો જોઈએ : વી. થીરુપુગલ

સમગ્ર રાજયમાં સ્વાઈન ફલુ નામના આ ભયાનક રોગે હાહાકાર મચાવ્યો છે અને અત્યાર સુધી આ રોગને લઈને મૃત્યુ આંક કુલ ૧૧૨ને આંબી ગયો છે અને આ રોગના વધારે દર્દીઓ કચ્છ જીલ્લામાં જોવા મળ્યા છે ત્યારે આજે અરવલ્લી જીલ્લા કલેકટર કચેરી ખાતે સ્વાઈન ફલુના રોગ અંગે તાકીદે બોલાવેલી અધિકારીઓની મીટીગમાં પત્રકાર પરીષદ સંબોધતા અરવલ્લી જીલ્લા પ્રભારી સચિવ વી. થીરૂપુગલ ધ્વારા જીલ્લાવાસીઓને હાલ કચ્છનો પ્રવાસ ના ખેડવા માટે વિનંતી કરવામાં આવી હતી.

### જિલ્લામાં સ્વાઈન ફલુના વધતા કહેરના પગલે પ્રભારી સચિવના અધ્યક્ષસ્થાને તાકીદની બેઠક

સમગ્ર અરવલ્લી જીલ્લામાં સ્વાઈન ફલુએ કાળો કહેર વરસાવ્યો છે અને આ રોગને લઈને અત્યાર સુધી જીલ્લામાં મૃત્યુ આંક કુલ ૩ પર પહોચ્યો છે ત્યારે આ ભયાનક રોગને કાબુમાં લેવા અને લોકોમાં જાગૃતિ લાવવા અરવલ્લી જીલ્લાના પ્રભારી સચીવ વી. થીરુપુગલના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરી ખાતે તાકીદે એક બેઠક મળી હતી. આ બેઠકમાં અરવલલી જીલ્લા કલેકટર બી. જે. ભટ્ટ, જીલ્લા વિકાસ અધિકારી નાગરાજન, અરવલ્લી જીલ્લા સીડીએચઓ ડો. મનીષ ધાઈ ફેન્સી તેમજ ૬ તાલુકાના બીએચઓ અને આરોગ્ય વિભાગના અધિકારીઓ ઉપસ્થીત રહયા હતા. ત્યારે આ રોગથી બચવા માટે લોકોએ ટોળામાં જવાનુ ટાળવુ જોઈએ તેમજ હાથ મીલાવાની જગ્યાએ નમસ્કાર કરવુ જોઈએ વધુ ને વધુ ટાઈમ હેન્ડવોશથી હાથ ધોવા જોઈએ તેવા સુચનો કરવામાં આવ્યા હતા. જયારે આરોગ્ય વિભાગ ધ્વારા આ રોગ અંગે લોકોમાં જાગૃતી આવે તે માટે ઘેર ઘેર જઈ લોકોને સમજાવામાં આવશે તેમજ હેન્ડબીસલનુ વિતરણ કરવામાં આવશે. દરેક જગ્યાએ મોટા મોટા હોડીગ્સ લગાવામાં આવશે તેમજ ગામડાઓમાં આ રોગથી બચવાના ઉપાયો માટેના પોસ્ટર લગાવાનો એકશન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે.

## ઊંઝા હાઈવે પરથી ટ્રોલી સહિત ટ્રેક્ટરની ઉઠાંતરી

ઊંઝા, તા. ૧૩

ઊંઝા ખાતે હાઈવે પર પાર્ક થયેલ ટ્રોલી સાથેના ટ્રેક્ટરની રાતના સમયે કોઈ તસ્કરો ઉઠાંતરી કરીને કયાંક પલાયન થઈ જતાં વાહનમાલિકોમાં ચિંતાની લાગણી ફેલાઈ છે.

ઊંઝા ખાતે હાઈવે પર આવેલ સહારા કોમ્પલેક્ષમાં બ્રહ્માણી ટ્રેક્ટર ગેરેજ છે. આ ગેરેજની સામે ખુલ્લી જગ્યામાં ટ્રેક્ટર નં. જીજે-૨.એ.જી.૬૫૨૫ ટ્રોલી સાથે પાર્ક કરવામાં આવ્યું હતું. જેની રાતના સમયે કોઈ તસ્કરો ચોરી કરીને ક્યાંક પલાયન થઈ ગયા હતા. ચોરાયેલ ટ્રોલી સહિત ટ્રેક્ટરની કિંમત એક લાખ રૂપિયા થવા જાય છે.

આ અંગે પટેલ સેંધાભાઈ શંકરભાઈ રહે. મકતુપુરની ફરિયાદના આધારે ઊંઝા પોલીસે ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. ઊંઝા પોલીસના નાઈટ પેટ્રોલિંગના દાવા વચ્ચે છેલ્લા કેટલાયે વખતથી આ વિસ્તારમાં નાની મોટી ઘરફોડ ચોરીઓ, વાહનચોરીઓ, જેવા ગંભીર પ્રકારના ગુનાઓ વધી રહ્યા હોઈ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સાવ ખાડે ગઈ છે.



### ખેડબ્રહ્માના લક્ષ્મીપુરા ગામે શ્રી ભૈરવદાદાનો પાટોત્સવ ઉજવાયો

ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ગામે વાળંદ દરજી ફળિયામાં લિમડાના વૃક્ષ નીચે એક નાનકડુ મંદિર છે. સુંદર-કલાત્મક તથા લિમ્બચિયા ભાઈઓ-બહેનોની અપ્રિતમ શ્રદ્ધા-ભાવનાઓથી સંકળાયેલ આ મંદિરનો વર્ષો વર્ષ પાટોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવે છે. ચાલુ વર્ષે આ મંદિરે નવચંડી યજ્ઞ તથા મહા પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. અને હોંશભેર સૌ ભાવિક ભક્તોએ ભૈરવદાદાના ગુણગાન જયઘોષ સાથે ભાગ લીધો હતો. શ્રી ભૈરવદાદા આમ તો મનુષ્ય જાતિના રક્ષક ગણાય છે. દેવાધિદેવોની પુરાતન સતયુગમાં રક્ષા કરેલી તેના પરિપાક સ્વરૂપે એવી ખુશહાલ ભાવનાથી પ્રેરિત આ દેવાધિદેવ ભૈરવદાદા રક્ષા કરસે તેવા આશયથી સૌ તેમને શિશ ઝુકાવી આ પાટોત્સવ પ્રસંગે યાદ કરે છે. (તસવીર : વિઠ્ઠલભાઈ સુથાર,ખેડબ્રહ્મા)

## મોડાસા ધનસુરા રોડ પર ચાર વાહનો ટકરાયા : ટ્રકચાલક ગંભીર

મોડાસા, તા. ૧૩

અરવલ્લી જિલ્લામાં અકસ્માતની ઘટનાઓ વણથંભી રહેતા ગુરુવાર બપોરે મોડાસાથી ધનસુરા તરફ જતા માર્ગ પર ચાર વાહનો એકબીજા સાથે અથડાઈ અકસ્માત સર્જ્યો હતો. એક સાથે એક જ જગ્યાએ ચાર વાહનો અંદર અંદર ટકરાતાં ટ્રાફિક જામ થઈ ગયો હતો અને આજુબાજુના ગામડાના રહીશોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. આ અકસ્માતમાં ટ્રકચાલકને ગંભીર ઊજાઓ પહોંચી હતી જ્યારે બસમા મુસાફરી કરી રહેલા લોકોને સામાન્ય ઈજાઓ થવા પામી હતી.

ધનસુરા તાલુકાના અંતિસરા નજીક અંતિસરા રોડ પર ટેન્કરનુંટાયર ફાટતા આગળ જતી બસ સાથે ટેન્કર અથડાતાં બસનુ પડખુ ચીરાઈ ગયું હતું. આ અકસ્માતથી બચવા જતા સામેથી આવી રહેલી ખાલી ગેસના સીલીન્ડર ભરેલા ટ્રકના ચાલકે કાબુ ગુનાવતા આગળ જતા એક્ટીવાને અડફેટે લઈ આ ટ્રક રોડની સાઈડમાં પુલની પાસે આવેલી ઉંડા ખીણમાં ખાબકી હતી. જ્યારે એક્ટીવા પણ રોડની સાઈડના ખાડામાં ખાબક્યુ હતુ. ઉંડી ખીણમાં ખાબકેલા ટ્રકનો ચાલક ટ્રકના કેબીનમાં ફસાઈ જતા જેને લોકોએ ભારે જહેમતથી બહાર કાઢી ૧૦૮ ઈમરજન્સી દ્વારા ધનસુરા પીએચસીમાં ખસેડવામાં આવ્યો હતો. અમદાવાદથી મોડાસા તરફ આવી રહેલી એસટી બસ મોડાસાના અંતીસરા નજીકથી પસાર થઈ રહી હતી ત્યારે પાછળથી આવતી ટેન્કરનુ ટાયર ફાટતા આ ટેન્કર આગળ જતી બસ સાથે ધડાકાભેર અથડાતા બસનું પડખુ ચીરાઈ ગયુ હતું. બસમાં મુસાફરી કરી રહેલા મુસાફરોનો સદ્ભાગ્યે નાની ઈજાઓ સિવાય અને ટેન્કરમાં બેઠેલાનો પણ આબાદ બચાવ થયો હતો. જ્યારે સામેથી આવતી બીજી ખાલી ગેસ સીલીન્ડર ભરેલ ટ્રકના ચાલકે ટ્રક પરનો કાબુ ગુમાવી દેતાં આગળ જતી એક્ટીવાને અડફેટે લઈ લીધી હતી. આથી ટ્રક ડ્રાઈવરે પણ કાબુ ગુમાવતાં ટ્રક ખીણમાં ખાબકી હતી. ટ્રક ચાલકને ગંભીર ઈજા પહોંચી હતી જ્યારે એક્ટીવા ચાલકને સામાન્ય ઈજા થઈ હતી.


(તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)

## પાલનપુરના સ્ટુડીયોમાં ધોળે દહાડે ચોરી

### દુકાનદારની હાજરીમાં કાઉન્ટર પરથી નજર ચુકવી રૂ. ૫૦,૦૦૦નો મોંઘો કેમેરો ચોરી ગઠીયો ફરાર

પાલનપુર, તા.૧૩

પાલનપુર શહેરના અમીર રોડ પરના ચમનબા પાસે મેડા પર આવેલ એક ફોટોગ્રાફી સ્ટુડીયોમાં બપોરના સુમારે કોઈ ગઠીયો સિફતપૂર્વક મોંઘો પ્રોફેશનલ સ્ટીલ કેમેરા ચોરી ફરાર થઈ ગયો હતો. આ બનાવથી આ વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે.

અમીર રોડ પર આવેલા ડીકે સ્ટુડીયોમાં નોકરી કરતા રમેશજી બાબુજી ઠાકોર હાજર હોવા છતાં કોઈ અજાણ્યો ગઠીયો કાઉન્ટર પર પડેલ મોંઘો પ્રોફેશનલ ફોટોગ્રાફીનો કેમેરો આશરે રૂ. ૫૦૦૦૦ની કિંમતનો નજર ચુકવી ચોરી લઈને ફરાર થઈ ગયો હતો. આ ચોરીના બનાવ અંગે પૂર્વ શહેર પોલીસ સ્ટેશને રમેશ ઠાકોરે ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. પાલનપુરમાં આમ ધોળે દહાડે દુકાનદારની હાજરીમાં ચોરી થતા લોકોમાં ભારે અચરજ વ્યાપી જવા પામ્યું છે.


સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે બસ ડેપોમાં એસ.ટી. મઝદૂર સંઘ દ્વારા તા. ૧૩-૨-૨૦૧૫ને શુક્રવારના રોજ પડતર પ્રશ્નોને લઈને એસ.ટી.કામદારો દ્વારા ઢોલ નગારા સાથે સૂત્રોચ્ચાર કરી પ્રાંતિજના ડેપો મેનેજર કે.એસ. ઠાકોરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

## ડીસામાં ઘર પાસે પડેલી કારને જીપે ટક્કર મારી

ડીસા, તા. ૧૩

ડીસામાં આવેલ ગણેશકૃપા સોસાયટીમાં રહેતા જીતુભાઈ ઠક્કરની અલ્ટોકાર જીવાય૮આર. ૨૭૩૫ ઘર આગળ પાર્ક કરેલી હતી. ત્યારે પૂરઝડપે આવી રહેલી જીપના ચાલકે ધડાકાભેર ટક્કર મારતા અલ્ટોકારના આગળના ભાગે મોટુ નુકશાન થવા પામ્યુ હતુ.

## માલપુરમાં મુખ્યમંત્રી અમૃતમ યોજનાના કાર્ડ કાઢવામાં ભ્રષ્ટ્રાચાર

મોડાસા, તા. ૧૩

અરવલ્લી જિલ્લાની માલપુર મામલતદાર કચેરીમાં આવેલા જનસેવા કેન્દ્રમાં મુખ્યમંત્રી અમૃતમ યોજનાના કાર્ડ કાઢી આપવાનુ કામ કરતા કોમ્પ્યુટર ઓપરેટર દ્વારા મામલતદાર કચેરીના બદલે કાર્ડ કઢાવનાર વ્યક્તિઓના ઘરે જઈ કાર્ડ કાઢી આપવાની વી.આઈ.પી. ટ્રીટમેન્ટ આપી લોકો પાસેથી કાર્ડ દીઠ રૂ. ૫૦૦ ઉઘરાવતો હોવાની ચર્ચાએ માલપુર તાલુકાના રહીશોમાંચર્ચાએજોર પકડ્યુંછે. આવા રૂ. ૫૦૦ ઉઘરાવનાર કોમ્પ્યુટર ઓપરેટરને યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરી છૂટો કરવામાં આવે તેવી લોકો માંગ કરી રહ્યા છે.

અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકામાં રૂ. ૫૦૦ ઉઘરાવાતા હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. રાજ્ય સરકાર દ્વારા ૧.૨૦ લાખ રૂપિયાથી ઓછી આવક ધરાવતા મધ્યમવર્ગીય પરિવારોને ૫૫૦ જેટલી વિવિધ બિમારીઓથી રક્ષણ આપવા માટે મુખ્યમંત્રી અમૃતમ યોજના શરૂ કરવામાં આવી છે. આ યોજનાનો હેતુ ઓછી આવક ધરાવતા પરિવારોને મેડીકલ સારવાર મળી રહે તે માટે જરૂરી પુરાવા રજુ કર્યા બાદ જનસેવા કેન્દ્રમાંથી કાઢી આપવામાં આવે છે, પરંતુ અરવલ્લી જિલ્લાના માલપુરમાં આ યોજનામાં લોકો જોડેથી ભારે ખાયકી પડાવવામાં આવતી હોવાની બૂમ ઉઠી છે. માલપુરના મામલતદાર ઓફીસમાં જનસેવા કેન્દ્રમાં મા અમૃતમ યોજનાનું કાર્ડ કાઢવા માટે ખાનગી કંપનીનો ઓપરેટરને કામ સોંપવામાં આવ્યું છે. આ ઓપરેટરનું કામ આવકનો દાખલો લઈને અરજદારોના ફોટા પાડીને મા અમૃતમ યોજનાનુ કાર્ડ કાઢી આપવાનું છે. પરંતુ આ ઓપરેટર પણ ભ્રષ્ટાચાર આદરી રૂપિયા ઘર ભેગા કરવા માટે માલપુરની પ્રજાનેલાઈનમાં ઉભા રહીને ધરમધક્કા ખાવા ન પડે તે માટે ઈશ્વર મકવાણા નામનો કોમ્પ્યુટર ઓપરેટર અરજદારના ઘરે જઈ ૫૦૦ રૂપિયા લઈ ફોટા પાડતો હોવાનો આક્ષેપ માલપુરની જનતા કરી રહી છે.

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ,
એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮,
કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD
Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧